# Day to Day Current Affairs

**26 Nov 2015**

## ૧. નેશનલ મિલ્ક ડે :

- શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ.વર્ગિસ કુરીયનની આજે 94મી જન્મ જયંતિ છે.
- ભારત સરકારે ગત વર્ષે 2014 થી ડૉ.કુરિયનની યાદમાં નેશનલ મિલ્ક ડે ઉજવવાનું શરૂ કર્યું હતું.
- તેમનો જન્મ 26 નવેમ્બર 1921માં થયો હતો. તથા અવસાન 0 સપ્ટેમ્બર 2012ના રોજ થયુ હતું.

## ૨. બંધારણ દિવસ :

- ભારત સરકારે બંધારણના ઘડવૈયા બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મ જયંતિ વર્ષ નિમિતે 26 નવેમ્બરના રોજ બંધારણ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.
- જે અંતર્ગત વર્તમાન વર્ષે પ્રથમ વખત બંધારણ દિવસ ઉજવાયો.
- 1949માં આજના દિવસે જ ભારતીય બંધારણનો સ્વિકાર કરવામાં આવ્યો હતો. પરંતુ તેનો અમલ 26 જાન્યુઆરી 1950થી થયો હતો.

## ૩. સંસદનું શિયાળુ સત્ર :

- આજ 26 નવેમ્બરથી સંસદનું શિયાળુ સત્ર ચાલુ થશે જે 23 ડિસેમ્બરના રોજ પૂર્ણ થશે.

## ૪. અંજુ બોબી જ્યોર્જ :

- કેન્દ્રીય રમત મંત્રાલય લોન્ગ જમ્પની પૂર્વ આંતરરાષ્ટ્રીય એથ્લેટ અંજુ બોબી જ્યોર્જને ટાર્ગેટ ઓલિમ્પિક થોડિયમ સ્કીમ (ટોપ્સ) યોજનાની ચેરપર્સન નિયુક્ત કરવામાં આવી છે.
- ૨૦૦૩મા આયોજિત વિશ્વ ચેમ્પિયનશિપમા મેડલ જીતનરી અંજુ ડિસેમ્બર પહેલા અઠવાડીયે પોતનો પદભર સંભાળશે.
- અંજુ હાલમા ટપ્સની ઓળખ સમિતિ (આઈડેન્ટિફિકેશન) ની સભ્ય છે જે સમિતિમાં તેની સાથે રાષ્ટ્રીય બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદ તથા ભુતપૂર્વ ભારતીય ક્રિકેટર રાહુલ દ્રવિડ પણ સામેલ છે.

## ૫ ડૉ. વી આર મેહતા :

- ગુજરાત કૃષિ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ અને ગુજરાતના પ્રથમ IAS અધિકારી ડૉ. વસંતભાઈ મહેતાનું 24 નવેમ્બરના રોજ 101 વર્ષની વયે અવસાન.
- તેમનો જન્મ 22 જૂન 1914 ના રોજ રાજકોટ થયો હતો.
- આરઝી હકુઅમત હેઠળ સૌરાષ્ટ્ર રાજયના મુખ્યમંત્રી ઢેબરભાઈના સચિવ તરીકે રહીને તેઓએ સૌરાષ્ટ્ર રાજયનું સંચાલન કર્યું હતું.
- શિક્ષણ સચિવ તરીકે રાજ્ય સરકારની સેવમાથી નિવૃત થયા બાદ તેઓને 1972 માં ગુજરાત કૃષિ યુનિ.ના પ્રથમ કૂલપતિ તરીકે નિમણૂંક આપવામાં આવી હતી.
- 1985 માં જામનગર આયુર્વેદ યુનિવર્સિટીમાં પણ વાઈસ ચાન્સેલર તરીકે જોડાયા અને છ વર્ષ સેવા આપી.
- જુનાગઢ,રાજકોટ અને જામનગરમાં તેઓ કલેક્ટર રહી ચૂક્યા હતાં.

## ૬. રાજકોટ મનપાને નોન મોટરાઇઝડ વ્હીકલ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર એવોર્ડ આપશે :

- રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત વિશ્વ સાયકલ દિવસ 19 એપ્રિલથી શહેરમાં ચાર સ્થળોએ લોકોને એક કલાક માટે નિ:શુલ્ક સાયકલ આપવાના પ્રોજેકટને કેન્દ્ર સરકારે શ્રેષ્ઠ એનએમટી (નોન મોટરાઇઝડ વ્હીકલ) પ્રોજેકટ માટે પસંદગી કરી એવોર્ડ આપશે.
- આગામી 27 તારીખના રોજ દિલ્હી ખાતે રાજકોટ મનપાને બેસ્ટ પ્રેક્ટીસ પ્રોજેકટ ઇન અર્બન ટ્રાન્સપોર્ટ માટે રૂ 5 લેખે સાયકલ ભાડે આપે છે.
- કોઇપણ નાગરિક ઓળખપત્ર આપીને સાયકલ ભાડે લઇ શકે છે.

Vivekanand Academy Gandhinagar